# સુરત મહાનગરપાલિકા

## પાણી સમિતિ

## સુ ચ ના

સુરત મહાનગરપાલિકાની **પાણી સમિતિની** એક સભા **તા.૧૪–૧૦–૨૦૨૪** ના રોજ સાંજના ૪–૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભાખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૧. મ્યુ.ક.શ્રીનો તા.૨૨–૮–૨૦૨૪ નો પત્ર, સુ.મ.પા.ના વિવિધ ઝોન / ખાતા ધ્વારા દરખાસ્ત સાથે સામેલ પત્રક–અ માં જણાવેલ કુલ–૩૭ કામો અંગે કુલ રૂા.૮૪,૩૪,૫૯૩–૮૭ અને પત્રક–બ માં જણાવેલ કુલ–૧૩ કામો અંગે કુલ રૂા.૨૪,૦૧,૬૭૫–૨૬ ના થયેલ ખર્ચની એકટની કલમ ૭૩(ડી) હેઠળ જાણ લેવા તથા પત્રક–બ માં જણાવેલ કામો અંગે ટેન્ડર ન મંગાવવાની થયેલ અનિયમિતતા કોન્ડોન કરવા બાબત.

૨. મ્યુ.ક.શ્રીનો તા.૫–૯–૨૦૨૪ નો પત્ર, સુરત મહાનગરપાલિકાના વિયર–કમ–કોઝવે ખાતેની તૂટી ગયેલ / કટાઈ ગયેલ રેલીંગ દુર કરી નવી જી.આઈ. પાઈપ રેલીંગ, ચેઈનલીંક ફેન્સીંગ ફીકસ કરવાના કામે આવેલ કુલ–૬ ટેન્ડરો પૈકી સૌથી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર વિશાલ ધીરુભાઈ ડોબરીયા, સુરતને રૂા.૨૧,૯૦,૮૮૦–૬૯ થી ૬.૯૯% નીચા ભાવે એટલે કે રૂા.૨૦,૩૭,૭૩૮–૧૩ ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૨૦–૯–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઝોન–એ, વડોદ અને ભેસ્તાન વિસ્તારમાં દરખાસ્ત સાથે સામેલ પત્રક–૧ અનુસારના લોકેશનો ઉપર પાણી પુરવઠો પુરો પાડવા વાર્ષિક ઈજારાથી ૩ (ત્રણ) વર્ષની મુદત માટે સ્લુઝ વાલ્વ / બટર ફલાય વાલ્વ ઓપરેટ કરવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી નીચા ભાવના ટેન્ડરના ટેન્ડરર ડી. આર. કાલપાંડે, સુરતને કુલ–૧૯ વાલ્વ માટે પ્રતિ માસ રૂા.૬૯,૪૩૧/– લેખે ત્રણ વર્ષના કુલ રૂા.૨૪,૯૯,૫૧૬/– ના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૪. મ્યુ.ક.શ્રીનો તા.૮–૧૦–૨૦૨૪ નો પત્ર, હાઈડ્રોલિક ખાતાના પાણી પુરવઠાના કામોએ જુદી જુદી સાઈઝના ટેમ્પરપ્રુફ એરવાલ્વ તથા આઈસોલેટીંગ સ્લુઝવાલ્વ જરૂરી નટ–બોલ્ટ–વોશર્સ તથા ગાસ્કેટ સહિત પુરા પાડવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી કવોલીફાય થયેલ એકમાત્ર ટેન્ડરના ટેન્ડરર શ્રીરંગ સેલ્સ કોર્પોરેશન–સુરત પાસે રીવાઈઝડ ભાવે તમામ સાઈઝના ટેમ્પરપ્રુફ એરવાલ્વ તથા આઈસોલેટીંગ સ્લુઝવાલ્વ જરૂરી નટ–બોલ્ટ–વોશર્સ તથા ગાસ્કેટ સહિત રૂા.૨૨,૩૫,૨૫૦/– ના ખર્ચે ખરીદવા અંગે યોગ્ય નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૯–૨૦૨૪ નો પત્ર, સાઉથ વેસ્ટ ઝોન, વેસુ–આભવા, વેસુ–૧ અને વેસુ–૨ જળ વિતરણ મથકના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક વિસ્તારમાં આવેલ ૧૦૦ થી ૭૫૦ મી.મી. વ્યાસની ડી.આઈ.સી.એલ./સી.આઈ. ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક પૈકીની બાકી રહી ગયેલ, હયાત નેટવર્ક સ્ટ્રેન્થનીંગ માટે તથા અન્ય જરૂરી ડી.આઈ.સી.એલ.ની પાણી પુરવઠાની નળીકા નાંખવાનું તથા વેસુ–આભવા જળ વિતરણ મથકના ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક વિસ્તારમાં મરામત નિભાવની કામગીરીઓ સ્થા.સ.ઠ.નં.૯૭૬/૨૦૨૪ થી મંજુર થયેલ યુનિટ રેઈટ અને શરતે કરવા એમ્પેનલ યાદીના કુલ–૫૨ ઈજારદારો પૈકી કોઈપણ એક ઈજારદારને ઉકત કામ અંદાજી રકમ રૂા.૨૧,૬૧,૨૫૧–૪૪ થી ૧૫% ઉંચા ભાવે એટલે કે રૂા.૨૪,૮૫,૪૩૯–૧૬ ના ખર્ચે સોંપવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૬. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૮–૨૦૨૪ નો પત્ર, પૂર્વ ઝોન–એ, ટી.પી. સ્કીમ નં.૧૫ (ફુલપાડા), ફા.પ્લોટ નં.૧૪, ૯૮, સર્વે નં.૧૦૫, ૧૦૭ માં આવેલ ક્ષમા સોસાયટીના રસ્તા ઉપર નવી પાણીની ૧૦૦/૧૫૦ મી.મી. વ્યાસની પાણીની નળીકા નાંખવાના રૂા.૨૪,૧૬,૦૦૦/– ના નેટ તથા રૂા.૨૪,૬૫,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૭. મ્યુ.ક.શ્રીનો તા.૯–૯–૨૦૨૪ નો પત્ર, સાઉથ ઈસ્ટ ઝોન, ડ્રા.ટી.પી. સ્કીમ નં.૬૯ (ગોડાદરા–ડીંડોલી), બ્લોક નં.૧૮૧, ફા.પ્લોટ નં.૧૫૫, શ્યામવિલા રેસીડેન્સીના રસ્તાઓ ઉપર પાણી પુરવઠાની નળીકા નાંખવાના રૂા.૧૯,૨૪,૮૦૦/– ના નેટ તથા રૂા.૧૯,૬૪,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૮. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૯–૨૦૨૪ નો પત્ર, પૂર્વ ઝોન–એ, ફા.ટી.પી. સ્કીમ નં.૧૫ (ફુલપાડા), ફા.પ્લોટ નં.૪, યોગેશ્વર પાર્ક કો.ઓ.હા. સોસાયટીના રસ્તા ઉપર નવી પાણીની ૧૦૦/૧૫૦ મી.મી. વ્યાસની પાણીની નળીકા નાંખવાના રૂા.૨૦,૨૦,૦૦૦/– ના નેટ તથા રૂા.૨૦,૬૧,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા બાબત.

૯. મ્યુ.ક.શ્રીનો તા.૨૯–૮–૨૦૨૪ નો પત્ર, પૂર્વ ઝોન–એ, ફા.ટી.પી. સ્કીમ નં.૧૫ (ફુલપાડા), ફા.પ્લોટ નં.૧૦, રે.સ.નં.૧૪, શ્રી લક્ષ્મીનારાયણ કો.ઓ.હા. સોસાયટી–૧ ના રસ્તા ઉપર નવી પાણીની ૧૦૦/૧૫૦ મી.મી. વ્યાસની પાણીની નળીકા નાંખવાના રૂા.૨૬,૧૬,૦૦૦/– ના નેટ તથા રૂા.૨૬,૬૯,૦૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૦. મ્યુ.ક.શ્રીનો તા.૧૮–૯–૨૦૨૪ નો પત્ર, સુરત મહાનગરપાલિકામાં વિવિધ વોટર વર્કસ અને જળ વિતરણ મથકો ખાતે ઈન્સ્ટ્રુમેન્ટની વિવિધ કામગીરીની જરૂરીયાત તેમજ અગત્યતાને ધ્યાને લઈ સંયુકત અથવા દરેક કામગીરી માટે અલગ–અલગ ટેન્ડરો બહાર પાડવાના કામે (A) વિવિધ વોટર વર્કસની લેબોરેટરી અને જળ વિતરણ મથક ખાતે વિવિધ પોર્ટેબલ લેબોરેટરી ઈન્સ્ટ્રુમેન્ટ રૂા.૧૮,૦૬,૯૦૦/– (+ GST) (B) વિવિધ વોટર વર્કસ અને જળ વિતરણ મથક ખાતે ઈનકમીંગ લાઈન પરફલોમીટરનું ઈન્સ્ટોલેશન રૂા.૨૯,૭૭,૦૦૦/– (+ GST) તેમજ (C) સિમાડા (૯૦ MLD) વોટર વર્કસમાં PLC બેઝડ સ્કાડા સીસ્ટમ (રિટ્રોફિટીંગ) પુરા પાડી, ફીટ કરી, ટેસ્ટીંગ કરી અને ચાલુ કરવાની કામગીરી રૂા.૨૭,૮૭,૬૦૦/– (+ GST) ના બજાર ભાવ તથા અગાઉ મંજુર ભાવોના આધાર અનુસાર તૈયાર કરવામાં આવેલ તમામ કામગીરી મળીને કુલ રૂા.૭૫,૭૧,૫૦૦/– (+ GST) ના નેટ તથા રૂા.૮૧,૦૨,૦૦૦/– (+ GST) ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૧. મ્યુ.ક.શ્રીનો તા.૨૧–૯–૨૦૨૪ નો પત્ર, પૂર્વ ઝોન–બી, સીમાડા વોટર વર્કસ ખાતે બુસ્ટર હાઉસ સહિતની ૭૨ લાખ લીટર ક્ષમતાની આર.સી.સી. અંડરગ્રાઉન્ડ ટાંકી અને ઓવરહેડ ટાંકી E2 ના કેમ્પસમાં ૨૭ લાખ લીટર ક્ષમતાની આર.સી.સી. ઓવરહેડ ટાંકી બનાવવા અને રાઈઝીંગ મેઈન લાઈન, ડીસ્ટ્રીબ્યુશન નળીકા નાંખવા તથા ઈલેકટ્રીકલ, મીકેનીકલ, ઈન્સ્ટુમેન્ટ વર્ક અને તેના ઓપરેશન અને મેઈન્ટેનન્સ કરવાના રૂા.૧૯,૭૬,૮૭,૬૦૮–૪૦ ના નેટ તથા રૂા.૨૧,૧૭,૨૩,૪૩૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા તથા તાંત્રિક કારણોસર સદર કામે અંદાજીત રકમ / મંજુર ટેન્ડર રકમમાં થનાર વધારો / ઘટાડો મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૨. મ્યુ.ક.શ્રીનો તા.૩૦–૯–૨૦૨૪ નો પત્ર, નોર્થ ઝોન, પ્રિ.ટી.પી. સ્કીમ નં.૨૫ (સિંગણપોર–ડુંકી), રે.સ.નં.૩૫, ઓ.પી.નં.૧૫, ફા.પ્લોટ નં.૨૦, લક્ષ્મીનગર સોસાયટીના રસ્તા ઉપર પાણીની નળીકા નાંખવાના તેમજ જુની પાણીની હયાત લાઈન સાથે જોડાણ કરવા ૧૦૦ મી.મી. વ્યાસની ડી.આઈ. પાણીની નળીકા નાંખવાના રૂા.૩૦,૫૮,૯૫૪/– ના નેટ તથા રૂા.૩૧,૨૦,૫૦૦/– ના ગ્રોસ અંદાજ મંજુર કરવા સા.સભાને ભલામણ કરવા બાબત.

૧૩. સભ્ય શ્રીમતી સોનલબેન સંજયભાઈ સુહાગિયાનો તા.૨૧–૮–૨૦૨૪ નો પત્ર, તેઓનું તા.૨૯–૬–૨૦૨૪ તથા તા.૨૧–૮–૨૦૨૪ ના રોજ મળેલ સભામાં ગેરહાજર રહેવાનું જણાવેલ કારણ મંજુર કરવા બાબત.

૧૪. સભ્ય શ્રીમતી ગૌરીબેન મગનભાઈ સાપરીયાનો તા.૧૩–૯–૨૦૨૪ નો પત્ર, તેઓનું તા.૧૮–૦૯–૨૦૨૪ થી તા.૧–૧૦–૨૦૨૪ સુધી મળનાર સભામાં ગેરહાજર રહેવાનું જણાવેલ કારણ મંજુર કરવા બાબત.

આ દે શ થી,

ઢી.ર.પટેલ

ઈ.ચા. મ્યુ.સે ક્રે ટ રી,
સુરત મહાનગરપાલિકા

મહાનગરપાલિકા કચેરી
સુરત, તા.૧૦–૧૦–૨૦૨૪

*A. K. DESAI*